## સારાંશ

## ટીપીએલ-ડી(ડી) દ્વારા (કેસ નંબર ૨૧૮૧/૨૦૨૩) માનનીય કમીશન સમક્ષ

## દાખલ કરવામાં આવેલી અરજી

## ટોરેન્ટ પાવર લીમીટેડ– દહેજ સપ્લાય એરિયા

### પૂર્વભૂમિકા

૧.૧ જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન ૨૦૧૬ ની જોગવાઇઓ મુજબ ટીપીએલ-ડી(ડી) એ આ અરજી માનનીય કમિશન સમક્ષ નીચેની વિગતોની મંજુરી મેળવવા કરેલ છે.

૧. નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે એઆરઆરનું ટ્રું અપ અને નિયંત્રીત/ અનિયંત્રીત પરિબળોને લીધે થયેલ ફાયદા / નુકશાનની વહેંચણી

૨. નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે એઆરઆરનુ નિર્ધારણ

૩. નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ ની ખાધ/પુરાંતનુ નિર્ધારણ

૪. નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે વિજદરનું નિર્ધારણ

### નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે ટ્રુ-અપ

૧.૨ માનનીય કમિશને નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે ટીપીએલ-ડી(ડી) ના એઆરઆરની મંજુરી તા.૩૧ માર્ચ, ૨૦૨૧ ના ઓર્ડર (કેસ નંબર ૧૯૨૮/૨૦૨૧) દ્વારા આપી છે. જે નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટેના અનુમાનો પર આધારિત હતી. એઆરઆરની મંજુરી નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ ની વાસ્તવિક વિગતો પર થનાર ટ્રુ-અપ પર આધારિત છે.

૧.૩ ટીપીએલ-ડી(ડી) એ જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન્સ, ૨૦૧૬, મુજબ માનનીય કમિશનના તા.૩૧ માર્ચ, ૨૦૨૧ ના ઓર્ડરના (કેસ નંબર ૧૯૨૮/૨૦૨૧ ) આધારે ટ્રુ અપ માટેની અરજી કરેલ છે.

૧.૪ ટીપીએલ- ડી(ડી) એ એઆરઆરના ટ્રુ-અપ માટે નીચેના માપદંડ ધ્યાનમાં લીધેલ છે:

a) વીજળીની ખરીદી મિશ્રણ, જથ્થા અને કિંમતમાં થતા ફેરફારના કારણે વીજળીની ખરીદ ખર્ચમાં થતો બદલાવ

b) ફીક્સડ ખર્ચો, જેમ કે ઓ એન્ડ એમ ખર્ચ, ઘસારો, વ્યાજ ખર્ચ, ઇક્વિટી પર મળવાપાત્ર વળતર, આવક વેરો અને નોન-ટેરીફ આવકમાં થતા બદલાવ

c) નિયંત્રિત અને અનિયંત્રિત પરિબળોને ગણતરીમાં રાખીને ફાયદા/નુકશાન ની વહેંચણી

૧.૫ નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે વીજળીની જરુરીયાત વાસ્તવિક વેચાણ અને વાસ્તવિક વીજ

વિતરણ લોસ પર આધારિત છે. દહેજ પુરવઠા વિસ્તારનુ વેચાણ ૬૫૯.૩૭ એમયુ છે. નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે વાસ્તવિક વીજ વિતરણ લોસ ૦.૪૫ ટકા થયેલ છે.

૧.૬ ટ્રુડ-અપ એઆરઆરની ગણતરી વાસ્તવિક ખર્ચા અને તા.૩૧ માર્ચ ૨૦૨૧ ના ઓર્ડર ના (કેસ નંબર ૧૯૨૮/૨૦૨૧) મુજબ મંજુર કરેલ ખર્ચાને ધ્યાનમાં લઇને કરવામાં આવી છે. કિંમત, જથ્થા અને સ્ત્રોતમાં થતા બદલાવને કારણે વીજળીની ખરીદ કિંમતમાં થતો ફેરફાર અનિયંત્રિત છે અને તે મુજબ, તે એઆરઆરમાં ધ્યાને લેવામાં આવેલ છે. દહેજ સપ્લાય વિસ્તારનો વીજ વિતરણ લોસ મંજુર થયેલા વિતરણ લોસની સરખામણીમાં વધારો થયેલ છે. દહેજ સપ્લાય વિસ્તારનો ઓ એન્ડ એમ ખર્ચમાં તા.૩૧ માર્ચ, ૨૦૨૧ ના ઓર્ડર (કેસ નંબર ૧૯૨૮/૨૦૨૧) દ્વારા મંજુર થયેલા ઓ એન્ડ એમ ખર્ચની સરખામણીમાં વધારો થયેલ છે.

૧.૭ દહેજ સપ્લાય વિસ્તારના અન્ય ફીક્સડ ખર્ચાઓ જેમ કે વ્યાજ ખર્ચ, ઘસારો, ઇક્વિટી પર મળવાપાત્ર વળતર, આવકવેરો અને નોન-ટેરીફ આવકને દરેકનાં નિયંત્રીત/અનિયંત્રીત પરિબળોના વર્ગીકરણનાં આધારે ટ્રુ-અપ કરવામાં આવેલ છે. એ પ્રમાણે ફાયદા/નુકશાનની વહેંચણી કરી, એઆરઆરનું ટ્રુ-અપ કરવામાં આવેલ છે. આ રીતે ટ્રુડ-અપ કરેલ એઆરઆરને નીચે કોષ્ટકમાં દર્શાવેલ છે.

**કોષ્ટક ૧: નાંણાકિય વર્ષ ૨૦૨૧-૨૨ માટે દહેજ સપ્લાય વિસ્તારનું ટ્રુ અપ કરેલ એઆરઆર**

| રૂ.કરોડમાં | | |
|---|---|---|
| ઓર્ડર મુજબ એઆરઆર | (એ) | ૨૪૭.૧૨ |
| અનિયંત્રીત પરિબળોને કારણે ફાયદા/(નુકશાન) | (બી) | (૧૦૧.૬૧) |
| નિયંત્રીત પરિબળોને કારણે ફાયદા(નુકશાન) | (સી) | - |
| ટેરીફ તરીકે પાસ-થ્રુ | ડી=-(બી+૧/3 સી) | ૧૦૧.૬૧ |
| ટ્રુ-અપ એઆરઆર | ઇ= એ+ડી | ૩૪૮.૭૨ |

૧.૮ ટીપીએલ-ડી(ડી) જણાવે છે કે જીઇઆરસી દ્વારા મંજુર કરેલ અગાઉના વર્ષની ખાધ/(પુરાંત)ની વસૂલાત માનનીય કમિશનના ૦૧ એપ્રિલ, ૨૦૨૧ ના ઓર્ડર મુજબ રુ (૨૬.૯૯) કરોડ થાય છે. તદનુસાર, ટીપીએલ-ડી(ડી) દ્વારા તેને ધ્યાને લીધેલ છે.

૧.૯ આમ ઉપર મુજબ ટ્રુ-અપ થયેલા એઆરઆરની સરખામણી વાસ્તવિક વીજળીના વેચાણની આવકમાં અગાઉના વર્ષોની ખાધ/(પુરાંત)ને ધ્યાને લીધા બાદ તારવેલી આવક સાથે કરી નાંણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ ની ખાધ/પુરાંત તારવવામાં આવી છે. જે નીચે દર્શાવેલ કોષ્ટકમાં આપેલ છે.

કોષ્ટક ૨: નાંણાકિય વર્ષ ૨૦૨૧-૨૨ માટે દહેજ સપ્લાય વિસ્તારના આવકની ખાધ/(પુરાંત)

| રૂ. કરોડમાં | વાસ્તવિક |
|---|---|
| ટ્રુ-અપ એઆરઆર | ૩૪૮.૭૨ |
| | |
| વિજળીના વેચાણથી થતી આવક | ૩૧૮.૯૪ |
| બાદઃ અગાઉના વર્ષોના મંજૂર ખાધ/(પુરાંત)ની વસૂલાત થી થયેલ આવક | (૨૬.૯૯) |
| **બાકીની આવક** | **૩૪૫.૯૩** |
| | |
| **ખાધ/(પુરાંત)** | **૨.૮૦** |

૧.૧૦ ટીપીએલ-ડી(ડી) માનનીય કમિશનને ઉપર દર્શાવેલ ગણતરી મુજબ એઆરઆરની અને આવકની ખાધ/(પુરાંત) મંજુર કરવા માટે અરજ કરેલ છે.

**નાંણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે એઆરઆર**

૧.૧૧ માનનીય કમિશને તા. ૨૦ ઓકટોબર, ૨૦૨૨ ના ઓર્ડર દ્વારા યુટીલીટીને જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન્સ, ૨૦૧૬ ના સિદ્ધાંતો અને પદ્ધતિના આધારે નાંણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ ના એઆરઆર અને વીજ દર નિર્ધારણ માટેની અરજી કરવા નિર્દેશ કરેલ છે. તે મુજબ ટીપીએલ-ડી(ડી)એ જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન્સ, ૨૦૧૬ની જોગવાઇઓ અનુસાર દહેજ સપ્લાય વિસ્તાર માટે નાંણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ ના એઆરઆર અને વીજ દર નિર્ધારણ માટેની અરજી દાખલ કરેલ છે.

૧.૧૨ અંદાજીત એઆરઆર નીચેના અનુમાનો પર આધારિત છેઃ

એ) વીજ વેચાણના અંદાજો: ગ્રાહકોના અંદાજીત ડેવલપમેન્ટ પ્લાન ની મહીતી મુજબ તેમના વીજભાર અને વીજ વપરાશની અંદાજીત માહિતીના આધારે નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટેના અંદાજીત વીજ વેચાણ તારવવામાં આવેલ છે.

બી) વીજ વિતરણ લોસઃ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે દહેજ સપ્લાય એરિયા માટે વીજ વિતરણ લોસ ૨.૫ % પ્રસ્તાવિત કરેલ છે.

સી) વીજ ખરીદી ખર્ચ: વીજ જરૂરીઆતને પુરી પાડવા પર્યાપ્ત વીજ સ્ત્રોતોના આધારે વીજ ખરીદી ખર્ચ તારવવામાં આવે છે. ટીપીએલ-ડી(ડી) વીજ જરૂરીઆતને પહોંચી વળવા માટે ડેજેન પ્રોજેક્ટ સાથે લાંબા ગાળાની વીજ ખરીદીની વ્યવસ્થા કરેલ છે. પરંતુ, વીજળીની માંગ ડેજેન પ્રોજેક્ટમાંથી વીજળીની ખરીદી કરવા યોગ્ય સ્તરે પહોંચી ન હોવાથી, ટીપીએલડી(ડી)એ ડેજેન પ્રોજેક્ટમાંથી વીજળીની ખરીદી કરવાની દરખાસ્ત કરી નથી. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે ટીપીએલ-ડી(ડી)એ વીજ જરૂરીઆત દ્વિપક્ષીય કરાર/ પાવર એક્ષચેન્જ અને પુન:પ્રાપ્ય (રીન્યુએબલ) ઉર્જા સ્ત્રોતો દ્વારા પુરી કરવા દરખાસ્ત કરેલ છે.

ડી) મૂડી ખર્ચ યોજના: ગ્રાહકોની માંગને પહોંચી વળવા તેમજ વિશ્વસનીય અને ગુણવત્તાયુક્ત વીજળી આપવાના હેતુથી ટીપીએલે વીજ વિતરણ નેટવર્કના વિકાસ માટે યોગ્ય મૂડી રોકાણ ની યોજના બનાવી છે. દહેજ સપ્લાય એરિયાના મહત્વના મૂડી ખર્ચમાં ઇએચવી યોજનાઓ , એચટી યોજનાઓ એલટી નેટવર્ક યોજનાઓ, અને મીટરિંગ, ગ્રાહક સેવાઓ, આઇટી, સિવિલ વગેરેનો સમાવેશ થાય છે.

ઇ) ઓ એન્ડ એમ ખર્ચ: દહેજ એસઇઝેડ વિકાસના તબક્કે છે. ટીપીએલ-ડી(ડી) એ વેચાણમાં વધારા અને તેના ગ્રાહકોને વિશ્વસનીય અને ગુણવતાયુક્ત વીજળી પૂરી પાડવાની જરૂરિયાતને ધ્યાને લઇ ઓ એન્ડ એમ પ્રવૃતિઓમા વધારાને આધારે ઓ એન્ડ એમ ખર્ચનો અંદાજ લગાવ્યો છે.

એફ) ઘસારો , વ્યાજ ખર્ચ, કાર્યકારી મૂડી પરનો વ્યાજ ખર્ચ, ઇક્વિટી પર મળવાપાત્ર વળતર વગેરેની ગણતરી લાગુ પડતા રેગ્યુલેશન્સ અનુસાર કરવામાં આવી છે.

૧.૧૩ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે દહેજ સપ્લાય એરિયા માટે નિર્ધારિત એઆરઆર નીચે કોષ્ટકમાં આપેલા છે

**કોષ્ટક ૩: નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે દહેજ સપ્લાય વિસ્તારના એઆરઆર**

| રૂ. કરોડમાં | નાંણાકિય વર્ષ ૨૦૨૩-૨૪ |
|---|---|
| પાવર પરચેઝ | ૪૦૮.૯૭ |
| ઓ એન્ડ એમ ખર્ચ | ૧૩.૬૬ |
| ઘસારો | ૭.૦૦ |
| વ્યાજ ખર્ચ | ૩.૭૭ |
| કાર્યકારી મૂડી પર વ્યાજ | ૦.૦૨ |
| સીક્યોરીટી ડિપોસીટ પર વ્યાજ | ૧.૬૮ |
| ઘાલખાધ | - |
| કન્ટિન્જસી રીઝર્વ | ૦.૯૯ |
| ઇક્વિટી પર મળવાપાત્ર વળતર | ૬.૪૮ |
| આવક વેરો | ૦.૬૫ |
| બાદ: બિન-ટેરિફ આવક | ૩.૫૯ |
| એઆરઆર | **૪૩૯.૬૩** |

૧.૧૪ ટીપીએલ-ડી(ડી) વધુમાં જીઇઆરસી (ડિમાન્ડ સાઇડ મેનેજમેન્ટ) રેગ્યુલેશન્સ, ૨૦૧૨ અનુસાર દહેજ સપ્લાય વિસ્તાર માટે નિયંત્રીત સમયગાળા માટેની ડીએસએમ યોજના માનનીય કમીશન સમક્ષ રજુ કરવા દર્શાવેલ છે. નિયંત્રીત સમયગાળા ને વધુ એક વર્ષ માટે મુલતવી રાખવામાં આવ્યો છે. માટે ટીપીએલ-ડી(ડી) નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪થી શુરુ થતા સમયગાળા માટેના ડિએસએમ પ્લાનની જરુરી રજુઆત કરશે તેમજ વાસ્તવિક ડીએસએમ ખર્ચની વસૂલાત માટે ટ્રુઇંગ અપ અરજીમાં દરખાસ્ત કરશે.

**નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટેની ખાધ /(પુરાંત)નું વિશ્લેષણ ઃ**

૧.૧૫ ટીપીએલ-ડી(ડી) જણાવે છે કે માનનીય કમીશને નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટેના ટ્રુ-અપ અને નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે ના ટેરિફ ઓર્ડર માં રૂ ૪.૦૬ પ્રતિ યુનીટ ના બેઝ વીજ ખરીદ ખર્ચ અને રૂ ૦.૫૪ પ્રતિ યુનીટના બેઝ એફપીપીપીએ મંજુર કરેલ છે. મંજૂર કરેલ એફપીપીપીએ ફોર્મ્યુલા મુજબ ત્રીમાસીક ધોરણે, રૂ ૪.૦૬ પ્રતિ યુનીટના વીજ ખરીદ ખર્ચ ની સરખામણીમાં વર્ષ દરમિયાન વીજ ખરીદી ખર્ચમાં થયેલ કોઇ પણ વધારો, રૂ.૦.૫૪ પ્રતિ યુનીટના બેઝ એફપીપીપીએ ઊપરાંત ના એફપીપીપીએ દ્વારા વસૂલવા માં આવે છે. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટેના અંદાજીત એઆરઆર મુજબ, સરેરાશ વીજ ખરીદી ખર્ચ રૂ. ૫.૪૦ પ્રતિ યુનીટ થાય છે. જ્યારે વર્તમાન બેઝ વિજ ખરીદ ખર્ચ રૂ.૪.૦૬ પ્રતિ યુનીટ છે. આમ, નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે રૂ. ૧.૩૪ પ્રતિ યુનીટના વધારાની વીજ ખરીદી ખર્ચ રૂ ૧.૮૮ પ્રતિ યુનીટના સુધારેલા બેઝ એફપીપીપીએ દ્વારા વસૂલવામાં આવશે. માટે, નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે ની અંદાજીત આવક રૂ ૧.૮૮ પ્રતિ યુનીટના સુધારેલા એફપીપીપીએ ને ધ્યાને લઇ ગણવા માં આવેલ છે.

૧.૧૬ સુધારેલા બેઝ એફપીપીપીએ સહિત હાલના વીજદરે અંદાજીત વીજ વેચાણ ઉપર અંદાજીત કરેલ આવક અનુસાર નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ની ખાધ/(પુરાંત) તારવવામાં આવેલ છે. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ ની ખાધ/(પુરાંત)નો સારાંશ નીચે કોષ્ટકમાં દર્શાવેલ છે.

**કોષ્ટક ૪: નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે દહેજ પૂરવઠા વિસ્તારના આવકની ખાધ /(પુરાંત)**

| રૂ. કરોડમાં | |
|---|---|
| એઆરઆર | ૪૩૯.૬૩ |
| બાદ ઃ | |
| વર્તમાન વીજદર સાથેના રૂ.૧.૮૮ પ્રતિ યુનીટ ના એફપીપીપીએ સહીત વીજળીના વેચાણથી થતી આવક | ૪૩૧.૬૯ |
| | |
| **ખાધ/(પુરાંત)** | **૭.૯૩** |

ટીપીએલ-ડી(ડી)એ માનનીય કમિશનને ઉપર દર્શાવેલ ખાધ/(પુરાંત)ને મંજુર કરવા રજુઆત

કરેલ છે.

૧.૧૭ ટીપીએલ-ડી(ડી) એ માનનીય કમિશનને નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ ની ખાધ/(પુરાંત) ઉપરાંત માનનીય કમિશનને કેરીંગ કોષ્ટ સહીત ઉપરોક્ત બાકી રહેતા નાણા ધ્યાને લેવા દરખાસ્ત કરેલ છે.

૧.૧૮ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટેના દર નિર્ધારણ માટેની આવકની ખાધ/(પુરાંત)નો સારાંશ નીચે કોષ્ટકમાં દર્શાવેલ છે.

**કોષ્ટક ૫: નાંણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ના દર નિર્ધારણ માટે દહેજ પૂરવઠા વિસ્તારના આવકની સંચિત ખાધ/(પુરાંત)**

| રુ. કરોડમાં | |
|---|---|
| નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે ખાધ/(પુરાંત) | ૨.૮૦ |
| વ્યાજખર્ચ (કેરીંગ કોષ્ટ) | ૦.૫૩ |
| | |
| નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ ની ખાધ/(પુરાંત) | **૭.૯૩** |
| | |
| **સંચિત ખાધ/(પુરાંત)** | **૧૧.૨૬** |

૧.૧૯ ટીપીએલ-ડી(ડી) એ રુ ૧૧.૨૬ કરોડ ની સંચિત ખાધની વસુલાત તા. ૧ એપ્રીલ ૨૦૨૩ થી નાંણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ ના વીજદરમાં રુ.૦.૧૬ પ્રતી યુનીટના સરેરાશ વધારા દ્વારા કરવાનો પ્રસ્તાવ કરેલ છે.

૧.૨૦ વધુમાં, માનનીય કમીશન/ માનનીય ટ્રિબ્યુનલ સમક્ષની બાકી રહેલ સુધારા અરજી/સમીક્ષાઓના નિર્ણયો સંબંધિત ખાધ/ કેરીંગ કોષ્ટને રેગ્યુલેટરી ચાર્જ દ્વારા વસૂલવા માટે પ્રસ્તાવિત કરેલ છે.

૧.૧૩ ટીપીએલ-ડી(ડી) જણાવે છે કે તેમને તેના લાઇસન્સ વિસ્તારોમાં "ગ્રીન ટેરિફ" પ્રસ્તુત કરવા અંગેની રજૂઆતો પ્રાપ્ત થયેલ છે. પરંતુ માનનીય કમીશન દ્વારા "ગ્રીન ટેરિફ" ગણવા માટેની ચોક્સ પદ્ધતી નિર્દિષ્ટ કરવામાં આવનાર છે. આથી, નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે, ટીપીએલ-ડી એ રુ.૧.૫૦ પ્રતી યુનીટ ના વધારાના વીજદરે વૈકલ્પિક "ગ્રીન ટેરિફ"ની દરખાસ્ત કરેલ છે.

૧.૨૧ વીજદરના સુચીત ફેરફારના સારાંશ **એનેક્ષર – ૧** માં આપવામાં આવેલ છે

એનેક્ષરઃ દહેજ સપ્લાય વિસ્તાર માટે ના સુચીત દરોના ફેરફાર:

| ક્રમ | કેટેગરી | ફીક્સ્ડ ચાર્જ | |
|---|---|---|---|
| ૧. | નોન- આરજીપી | ૧૦ કિલોવોટ સુધીના કનેક્ટેડ લોડ માટે | રુ ૬૦ પ્રતિ કિલોવોટ પ્રતિ માસ |
| ૨. | એલટીએમડી | કોન્ટ્રાક્ટ ડિમાન્ડ સુધીની બિલિગ ડિમાન્ડ | |
| | | પ્રથમ ૪૦ કિલોવોટ | રુ ૧૦૦ પ્રતિ કિલોવોટ પ્રતિ માસ |
| | | પછીના ૨૦ કિલોવોટ | રુ ૧૪૦ પ્રતિ કિલોવોટ પ્રતિ માસ |
| | | ૬૦ કિલોવોટથી વધુ | રુ ૨૦૦ પ્રતિ કિલોવોટ પ્રતિ માસ |
| ૩. | એચટીપી-૧ | કોન્ટ્રાક્ટ ડિમાન્ડ સુધીની બિલિગ ડિમાન્ડ | |
| | | પ્રથમ ૫૦૦ કેવીએ | રુ ૨૫૦ પ્રતિ કેવીએપ્રતિ માસ |
| | | પછીના ૫૦૦ કેવીએ | રુ ૩૩૫ પ્રતિ કેવીએ પ્રતિ માસ |
| | | ૧૦૦૦ કેવીએથી વધુ | રુ ૫૨૫ પ્રતિ કેવીએ પ્રતિ માસ |
| ૪. | એચટીપી-2 | કોન્ટ્રાક્ટ ડિમાન્ડ સુધીની બિલિગ ડિમાન્ડ | |
| | | પ્રથમ ૫૦૦ કેવીએ | રુ ૧૨૫ પ્રતિ કેવીએ પ્રતિ માસ |
| | | પછીના ૫૦૦ કેવીએ | રુ ૨૩૫॰પ્રતિ કેવીએ પ્રતિ માસ |
| | | ૧૦૦૦ કેવીએથી વધુ | રુ ૩૦૦ પ્રતિ કેવીએ પ્રતિ માસ |
| ૫. | એચટીપી-૩ | કોન્ટ્રાક્ટ ડિમાન્ડ સુધીની બિલિગ ડિમાન્ડ | રુ ૧૯ પ્રતિ કેવીએ પ્રતિ દિન |
| ૬. | ડબ્લ્યુડબ્લ્યુએસપી | રુ ૨૫ પ્રતિ એચપી પ્રતિ માસ | |
| ૭. | ટેમ્પરરી સપ્લાય | રુ ૨૦ પ્રતિ કિલોવોટ પ્રતિ દિન | |